# Day to Day Current Affairs

## 14. Feb 2016

### ૧. 'સાહિત્ય રત્ન' એવોર્ડ :

- જાણીતા સાહિત્યકાર અને ચિંતક ડૉ. ગુણવંત શાહને 'સાહિત્ય રત્ન' એવોર્ડથી નવાજવામાં આવશે.
- ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા આ એવોર્ડ અપાશે જેની શરૂઆત આ વર્ષથી જ થઇ છે.
- તેમણે સાહિત્ય ક્ષેત્રે આપેલા વિશાળ પ્રદાન બદલ આ એવોર્ડ એનાયત થશે.

### ૨. ઓ.એન.વી.કુરૂપ – ગીતકાર :

- જ્ઞાનપીઠ વિજેતા અને જાણીતા મલયાલી કવિ અને ગીતકાર ઓ.એન.વી.કુરૂપનું તાજેતરમાં અવસાન.

૩. ભવ્ય જોષી :

- રાજકોટના ભવ્ય જોષીને 'નેચર બેસ્ટ ફોટોગ્રાફી' એવોર્ડ એનાયત થયો.
- તાજેતરમાં તેણે સ્મિથ મ્યુઝિયમ વોશિંગ્ટન દ્વારા યોજાયેલી આંતરરાષ્ટ્રીય નેચરલ બેસ્ટ ફોતોગ્રાફી માટે અપ્લાય કર્યુ હતું
- જેમાં તેણે સાસણ ગીરના એશિયટીક લાયનની વાઇલ્ડ લાઇફને ફોટોગ્રાફીમાં કિલક કરીને આંતરરાષ્ટ્રીય સ્તરે દર્શાવી હતી.

૪. 'મેઇક ઇન ઇન્ડિયા' સપ્તાહ :

- વડાપ્રધાન મોદીના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ મેઇન ઇન ઇન્ડિયા સપ્તાહનો મુંબઇના બન્દ્રા – કુર્લા કોમ્પલેક્ષા ભવ્ય શુભારંભ થયો.

-આ કાર્યક્રમ ૧૩ થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન યોજાશે જેનો મુખ્ય ઉદ્દેશ વિદેશી રોકાણકારોને મહારાષ્ટ્રમાં આકર્ષવાનો છે.

-એક સપ્તાહ ચાલનારા આ કાર્યક્રમમાં સ્વિડન અને ફિનલેન્ડના વડાપ્રધાન ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમજ દુનિયાના ૬૮ દેશો આ પ્રોજેક્ટમાં સામેલ થયાં છે.

<u>પ્રશ્નો</u>

૧. 'સાહિત્યરત્ન' એવોર્ડ -2016 વિજેતા ? ગુણવંત શાહ

૨. ગુણવંત શાહને તેમની કઇ કૃતિમાટે સાહિત્ય રત્ન એવોર્ડની જાહેરાત થઇ ? સમગ્ર સાહિત્ય સર્જન

૩. સાહિત્ય રત્ન એવોર્ડ કોના દ્વારા અપાય છે ? ગુજરાત સાહિત્ય અકાદમી

૪. જ્ઞાનપીઠ વિજેતા ક્યાં મલયાલી કવિનું અવસાન થયું ? ઓ.એન.વી.કુરૂપ

૫. રાજકોટના યંગ ફોટોગ્રાફર ભવ્ય જોષીને તાજેતરમાં ક્યો આંતરરાષ્ટ્રીય એવોર્ડ મળ્યો ? નેચર બેસ્ટ ફોટોગ્રાફી એવોર્ડ

૬. મેઇક ઇન ઇન્ડિયન સપ્તાહ હાલમાં ક્યાં ઉજવાઇ રહ્યો છે ? મુંબઇ મહારાષ્ટ્ર

૭. મેઇક ઇન ઇન્ડિયા સપ્તાહમાં ક્યાં બે દેશના વડાપ્રધાન ઉપસ્થિત રહ્યા હતાં. સ્વિડન, ફિનલેન્ડ

Vivekanand Academy, Gandhinagar